SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 2, Issue-4, October to December: 2024
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# ગુજરાતી વાર્તામાં નારીચેતના

*રાજેશ્રીબેન એમ. પટેલ*

**ABSTRACT**

પ્રસ્તુત લેખમાં ગુજરાતી વાર્તામાં નારીચેતના પ્રસ્તુત કરવાનો અભિગમ છે. અહીં નારીચેતના પ્રગટાવતી વાર્તાઓ જેમકે ઉમાશંકર જોશી કૃત ચંપાનો વર, છેલ્લું છાણું, ગુજરીની ગોદડી, શ્રાવણી મેળો તેમજ કનૈયાલાલ મુનશી કૃત મારી કમલા અને કુન્દનિકા કાપડીયાની 'તો ' વાર્તામાં નારીચેતના દર્શાવતી વાર્તાઓ છે. આ ઉપરાંત મોહન પરમારની કુલડી , રમેશ દવેની ' શબવત', અનિલ વ્યાસની 'વેરવી', કંદર્પ દેસાઈ રચિત વાર્તા 'અસંગ', અને શ્રદ્ધા ત્રિવેદીની 'અંજુ નામે એક છોકરી' વગેરે વાર્તાઓમાં નારીચેતના પ્રગટે છે. તે વાર્તાઓનો આસ્વાદ માણવાનો ઉપક્રમ રહ્યો છે.

**Key-words :** નારીચેતના,પ્રગટાવતી,મનસ્વિની,કરિયાવર,પાંખ,શીરો,ફાંસો,શબવત,વેરવી,અસંગ,ભીંત,કુલડી

## પ્રાસ્તાવિક

ગુજરાતી સાહિત્યમાં વાર્તાનું ખેડાણ બહુમુલ્ય રહ્યું છે. ગુજરાતી વાર્તામાં નારીચેતના દર્શાવતી અનેક વાર્તાઓનું ખેડાણ થયેલું છે. ગુજરાતી સાહિત્યમાં નવલિકા સાહિત્ય સ્વરૂપના મંડાણ ગાંધીયુગથી જ પ્રારંભ થયો છે. ગુજરાતી સાહિત્યમાં તમામ સ્વરૂપ ધરાવતી કૃતિઓમાં નારીચેતના આલેખિત થઈ છે. તેમજ ઘણાં સર્જકોએ તેમનાં કવનમાં અનેક કૃતિઓમાં નારીચેતના પ્રગટાવતી અનેક કૃતિઓ લખી છે. અહીં પ્રસ્તુત લેખમાં વાર્તામાં નારીચેતના પ્રસ્તુત કરવાનો અભિગમ રહ્યો છે.

## નારીચેતના પ્રગટાવતી વાર્તાઓ

ઘણાં સર્જકોએ નારીચેતના પ્રગટાવતી કૃતિઓનું ઉતમ સર્જન કર્યું છે. તેમાં ઉમાશંકર જોશી પાસેથી મારી 'ચંપાનો વર', 'છેલ્લું છાણું','ગુજરીની ગોદડી' અને 'શ્રાવણી મેળો' વગેરે વાર્તાઓ ગુજરાતી સાહિત્યમાં ઉત્તમ વાર્તાઓ બની છે. અહીં વાર્તામાં નારી હોવું એજ સ્ત્રીના જીવનની સૌથી કરુણતા બંને છે.

કનૈયાલાલ મુનશી પાસેથી 'મારી કમલા' મળે છે. આ વાર્તામાં સ્ત્રીને કેન્દ્રમાં રાખીને સર્જન કર્યું છે. કુન્દનિકા કાપડિયાની 'તો' વાર્તામાં બળાત્કાર, માતૃત્વ જેવા ઘણાં પ્રશ્નો સાથે પુત્રી જન્મની વાત કેન્દ્રસ્થ કરેલ છે. અહીં આ વાર્તામાં પતિ સુધારીને મન તો છોકરી નથી તે સારું છે.તેમજ પરણવાની ચિંતા, દાયજાની ચિંતા... આથી સુજાતાનું મન ઘવાતું દીકરાનાં બાપને મન એટલો જ અર્થ! સુજાતાની મનોવ્યથા આલેખી કથા બની રહે છે.

ધીરૂબહેન પટેલની 'મનસ્વિની' વાર્તામાં પણ સ્ત્રી દ્વારા સ્ત્રીને સહાયક થવાનો અભિગમ વરતાય છે. ભારતીય સમાજમાં વગોવાયેલા સાસુ-વહુના સંબંધોએ પોતાનું વહેણ બદલ્યું હોવાનો સંકેત મળે છે. બિપિન પટેલની 'કરિયાવર' વાર્તામાં દમ વગરનાં ગાંડા જેવા પતિને નર્મદાએ આખી જિંદગી નિભાવ્યો. 'હુપડો એના બાપ જેવો' દીકરો વહુને તેના મા-બાપે હવે કરિયાવરમાં આપ્યો આમ, નારીની ચેતનાનું દર્શન થાય છે. તારિણી દેસાઈની 'મહાલક્ષ્મી' અને બિંદુ ભટ્ટની 'બાંધણી' વાર્તાઓમાં નારીનું આવું જ વલણ પરખાય છે.

મોહન પરમારની 'કુલડી' વાર્તામાં શિક્ષિત યુવતી રીન્કુ પુરુષની કામુકતાનો ભોગ બનેલી છે. જયારે એ

અમાનુષ અત્યાચાર આચરનારનો માન મરતબો અકબંધ રહે છે. રિન્કુની પીડાને સમજવાને બદલે તેમની અવહેલના કરવામાં આવે છે. ઉષા ઉપાધ્યાયની ' હું તો આ ચાલી', ઈલા આરબ મહેતાની 'પાંખ', વર્ષા અડાલજાની 'શીરો', ચતુર પટેલની 'ફાંસો'.... જેવી વાર્તાઓમાં પુરુષપરક સત્તાના વિરોધ અનુષંગે નારીના પ્રત્યાઘાતનાં ભિન્ન ભિન્ન રૂપો વ્યક્ત થયાં છે. હર્ષદ ત્રિવેદીની 'આઢ' અને કિરીટ દૂધાતની 'બાયું' વાર્તામાં નારી શોષણ સામે સામુહિક વિરોધ વિદ્રોહની લાગણી ભાવકના રુદયને હચમચાવે છે.

રમેશ દવે રચિત 'શબવત' વાર્તામાં જાતીય સંબંધનું રૂપ છે. નોકરીમાં પ્રમોશન મેળવવા માટે પતિ, પત્નીનો સોદો કરે છે. પતિ-પરમેશ્વરનો આદેશ માથે ચઢાવી પરપુરુષ પાસે ઢસડાતી જતી નાયિકા પતિને ધિક્કારે છે અને તેનું આ છેલ્લું કાર્ય પતાવી આત્મહત્યા કરવાનો નિર્ણય કરે છે. આમ સમગ્ર વાર્તામાં નારીનાં અત્યાચારની કથા બની રહે છે. અનિલ વ્યાસની 'વેરવી' વાર્તામાં પુત્રી પર થયેલ બળાત્કારની ઘટનામાં માતાની ભૂમિકા ઉલ્લેખનીય છે. પુત્રીના દુ:ખનું પુનરાવર્તન અને દીકરીના જીવનનેય બરબાદ કરી મુકે એ વાત એક માતા-એક સ્ત્રી કરતાં વધુ સારી રીતે કોણ સમજી શકે ? સમગ્ર વાર્તામાં નારીની લાગણીને કોઈ સમજનાર હોય તો તે એક સ્ત્રી જ છે. કંદર્પ દેસાઈ રચિત 'અસંગ' વાર્તામાં નારીની એકલતાની પીડાની ગુંજ સંભળાય છે. વાર્તામાં નાયિકા અમીતા એક કંપનીના એક્ઝિક્યુટિવ પદે છે. તેના પદ પ્રતિષ્ઠા કે આવકને ભૂલી ઈર્ષા, હીનતા કે પૌરુષીભાવ વિના એક વ્યક્તિ તરીકે તેને સ્વીકારે એવા જીવનસાથીને ઝંખતી નાયિકાની કથા છે.

શ્રદ્ધા ત્રિવેદી પાસેથી 'અંજુ નામે એક છોકરી' અને ' હું ઉર્ફે ભીંત' વાર્તામાં નારી ચેતનાનું દર્શન થાય છે. ' અંજુ નામે એક છોકરી' વાર્તામાં પરાપૂર્વથી લગ્ન માટે મુરતિયાની પસંદગીમાં કન્યાના અવાજનું કોઈ વજન નહોતું. પિતાનો નિર્ણય તેનાં માટે અંતિમ હુકમ ગણાતો. પરાણે લગ્ન કરાવા ઈચ્છતા મા-બાપના નિર્ણયનો વિરોધ કરી પોતે જેને પ્રેમ કરે છે તે હેમંત સાથે લગ્ન કરી લઈ ઘરે જાણ કરી દે છે. સ્વયં પસંદગીને અનુસરવા જેટલું સાહસ આધુનિક યુવતી કેળવી શકી છે. જેમાં નારી ચેતના ઉજાગર થાય છે.

માપન

પ્રસ્તુત ગુજરાતી વાર્તામાં નારીચેતના પ્રગટાવતી અનેક સર્જકોએ કૃતિઓ લખી છે. ટુંકી વાર્તાના આ અભ્યાસમાંથી એક વાત બહું સ્પષ્ટ થાય છે કે નારીવાદી આંદોલને સ્ત્રીની સ્થિતિમાં આમુલ પરિવર્તન આવ્યું છે. પોતાની સાથે થતું ભેદભાવયુક્ત વલણ અન્યાયકારી અને વિકાસ અવરોધક હોવાથી તેની પ્રતીતિ વધુ દઢ બની છે. આથી ઉતરતા દરજ્જાની શોષિત દશાને પડકારી પોતાની ક્ષમતા તેણે સિદ્ધ કરી બતાવી છે. સમાજમાં પલટાતી નારીની આ છબીએ પરંપરાગત માપદંડોને પ્રચંડ આઘાત આપ્યો છે. સર્જકે નારી વિશે ટુંકી વાર્તામાં નારીચેતનાને ઉજાગર કરવાનો અથાક પ્રયત્ન કર્યો છે. અહીં મારા પ્રસ્તુત લેખમાં ગુજરાતી ટુંકી વાર્તામાં નારીચેતનાને કેન્દ્રમાં રાખીને કેટલાક સર્જકોની નારીચેતના ઉલ્લેખતી કૃતિઓને ઝંકૃત કરાવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. આજના યુગમાં ગુજરાતી સાહિત્યમાં નારીચેતના એક અનન્ય પડકાર બની રહ્યો છે. જે અહીં આલેખીત ટુંકી વાર્તામાં જોઈ શકાય છે.

**સંદર્ભગ્રંથ સૂચિ :-**


૧. સં. ઉષા ઉપાધ્યાય, 'ગુજરાતી લેખિકાઓની પ્રતિનિધિ વાર્તાઓ', પાર્શ્વ પ્રકાશન, પ્ર. આ. -૨૦૦૬

૨. અરૂણા બક્ષી , 'નિમિત', પાર્શ્વ પ્રકાશન, પ્રથમ આવૃત્તિ-૨૦૦૩

૩. ઈલા નાયક,'વિશેષ', પાર્શ્વ પ્રકાશન, દ્વિતિય આવૃત્તિ-૨૦૦૨

૪. શરીફા વીજળીવાળા,' વાર્તા સંદર્ભ' અનડા પ્રકાશન વર્ષ -૨૦૦૭

૫. સં. ઉષા ઉપાધ્યાય,' સર્જન પ્રક્રિયા અને નારી ચેતના', પાર્શ્વ પ્રકાશન, પ્રથમ આવૃત્તિ-૨૦૦૬